# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૯૯ • તા.૦૨ થી ૦૮ એપ્રિલ ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# શ્રી ભલારાદાદાની મુલુંડ મધ્યે ૩૨મી સમૂહ પહેડી સંપન્ન

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**


નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
પ્રવીણ હંસરાજ લોડાયા
કીર્તિકુમાર ધનજી ધરમશી


**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# સ્વાર્થ વિહીન પ્રેમ સર્વોતમ સંબંધ છે

પ્રેમ નામનો ઉત્તમ ગુણ માણસ માત્રમાં રહેલો છે, કારણ કે આ દેહ પરમાત્માનું સર્જન છે અને આ પરમાત્માનું લક્ષણ પણ પ્રેમ છે. પ્રેમ એટલે પ્રભુની નજરમાં ભક્તિ આરાધના અને ઉપાસના. ભક્તિનો એક પ્રકાર પ્રેમલક્ષણા ભક્તિ છે. હૃદયના ભંડારમાં ભરેલો શુદ્ધ પ્રેમ માણસને શક્તિમાન બનાવે છે.

મૂળભૂત રીતે માણસ ખરાબ નથી એને સમય સંજોગ અને પરિસ્થિતિ નબળા કરે છે. લાલચી, સ્વાર્થી અને ઝેરીલા બનાવે છે. સાધુ સંતો માણસ માત્રમાં વિશ્વાસ રાખવાનું કહે છે. કારણ કે આ વિશ્વાસ આગળ જતાં સ્નેહમાં રૂપાંતરિત થાય છે. પ્રેમએ એવું અમૂલ્ય ઔષધ છે. જે ગમે તેવા નઠારા માનવીને પરમતત્વ પદે પહોંચાડે છે. આની શરૂઆત નાનકડા ઝરણાંથી શરૂ થાય છે.જે સમય જતાં આ વહેણ સરવાણી, સરિતાનું વિશાળ સ્વરૂપ ધારણ કરે છે. જેમ બાળક જન્મે છે, વિકસે છે. સૌ પહેલાં માતા પિતાને ઓળખે છે. પણ જેમ જેમ એ દુનિયાના પરિચયમાં આવે છે. તેમ તેમ સંગતમાં રહી સૌનો ભરોસો મેળવી વિશ્વાસ પાત્ર બને છે. પ્રેમ પાત્ર બને છે. સારી સોબત અને શુદ્ધ વિચાર આચાર ધરાવતા પાત્રો સાથે રહીને તે ઉચ્ચાસન પાત્ર બને છે.

પશુ પક્ષીઓ અજાણ્યા હોય એટલે માનવીથી દૂર રહે છે. પણ તેની સાથે સ્નેહથી વર્તાવ કરવાથી તેનો વિશ્વાસ જીતવાથી ધીરે ધીરે ભરોસા પાત્ર થઈ નજીક આવતા જાય છે. આ પાલનભર્યો વર્તાવથી અબોલ જીવ પણ પ્રેમ નિરખીને પલોટાય છે. અને ઈન્સાનનું પાલતુ થઈ જાય છે. માણસના સહવાસનું, પ્રેમનું હેવાયું થઈ જાય છે. દૂધાળાં ઢોરને પાળવાનું શરૂઆત કરે ત્યારે શરૂઆતમાં થોડા ઘણા અંશે જીવદયાનો પશુ પ્રત્યે પ્રેમનો ભાવ હોય પણ, પછી અમૃત જેવું દૂધ મળતું થાય એ પછી લાલસા વધે કે હજુ અધિક દૂધ મળે તો કમાણી થાય. આ લાલસા જન્મે એટલે પાલતું પશુના બચ્ચાં એમાં ભાગ પડાવે એ ન ગમે. આમ જીવમાત્રમાં દેવતાનો વાસ છે. એ ભાવના લુપ્ત થતી જઈ સ્વાર્થની ભાવના ભરડો લે છે. આ ભાવ સર્વોપાત પતનનું કારણ બને છે.

માતા-પિતા નિ:સ્વાર્થ ભાવે બાળકને ઉછેરે છે, મોટો કરે છે અને કોઈ પણ પ્રકારની આંચ ન આવે એની ખેવના કરે છે. સંતાન શિક્ષિત થઈ સક્ષમ સમર્થ અને સજ્જન પ્રકૃતિનો બને એનો ભાવ રાખે છે. પણ એ જ સંતાન કમાતો થઈ પગભર થતાં માતા પિતાના બલિદાનને ભૂલી નગુણો બને છે. એ તો એમની ફરજ હતી જે એમણે નિભાવી એવો ભાવ રાખી એમની અવહેલના કરે છે. તેમની પ્રત્યે દુર્લક્ષ સેવે છે.

પ્રેમ કરવું સ્નેહ રાખવું માણસનું મૂળભૂત ગુણ છે. સ્વાર્થ, લાલચ જેવા તામસી અવગુણ સ્વભાવને વિકૃત અને ચરિત્રને અધમ કરે છે. ત્યારે નિ:સ્વાર્થ પ્રેમ માનવ મૂલ્યોને ઊંચાને ઊંચા લઈ જાય છે. સદ્‌ભાવ ભર્યા ગુણો શાશ્વત છે. વાતાવરણથી આવેલી વિકૃતિ કામ ચલાઉ હોય તો ઠીક છે. પણ કાયમી ન રહી જવી જોઈએ. સ્વાર્થ વિહીન સ્નેહ અને સંબંધ સારા ગુણોમાં સર્વોતમ છે.

- જય જ્ઞાતિમૈયા

# નિઃસ્વાર્થ ભાવે કરેલ સત્કાર્યોનું ફળ આપોઆપ મળી રહે છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

ધન, કીર્તિ, યશ અને વિજય જીવનમાં મળે ત્યારે માણસે વધુ નમ્ર અને વિવેકી બનવું જોઈએ. જો આ અંગે અહંકાર ઊભો થાય તો મેળવેલ સિધ્ધિ પર પાણી ફરી વળે છે. દરેક કાર્ય માટે માન, ઈનામ અને પ્રસિદ્ધ જોઈએ છે. આ મહેચ્છા એને ઊંડે ઊંડે હોય છે. જે પૂરી થાય તો એનો અહંમ પોષાય છે અને મનોમન પોરસાય છે. જો કોઈ જગ્યાએ જાહેરમાં પોતાનો નામોલ્લેખ યોગ્ય રીતે ન થાય કે પોતાના દાન અને સહાયની જાહેરાત સરખી રીતે ન થાય તો તેનો ઉત્સાહ મોળો પડી જાય છે, મંદ પડી જાય છે. માનવ માત્રના મનની આ મોટી નબળાઈ છે. માન, અકરામ, કીર્તિ અને પ્રશંસાનો મોહ છૂટતો નથી. જેટલો મળે જેમ જેમ મળતો જાય તેમ તેમ વધુને વધુ મેળવવાની ઝંખના, તૃષ્ણા ઊભી થાય છે.

ધન, યશ અને કીર્તિની કામના મેળવવાની એક મર્યાદા હોય છે. આ મર્યાદા ને જે વ્યક્તિ ઓળંગે છે તેને ધન અને કીર્તિ પરેશાન કરી મૂકે છે. જેમ જેમ પૈસો, પ્રશંસા, પદ અને પ્રતિષ્ઠા મળે તેમ તેમ નમ્ર થવું જોઈએ. જેમ વૃક્ષ પર ફળ આવે છે ત્યારે તે ઝૂકી જાય છે. એવો ગુણ વ્યક્તિએ પોતે ધરાવવો જોઈએ. જે સેવા અને સત્કાર્યો નિષ્ઠાપૂર્વક કરે છે. નિઃસ્વાર્થ પણે કરે છે. તેને ઢોલ નગારા વગાડવા પડતા નથી. સારી અને સાચી નીતિ વિચાર ધરાવતા વ્યક્તિઓના કદમ કીર્તિ ચૂમે છે. સાચા અને સારા માણસો છીપમાં છૂપાયેલા મોતી જેવા હોય છે. જેને મેળવવા મરજીવાઓ મહાસાગર ખૂંદે છે. પોતાનો જ પ્રસાર અને પ્રચાર કરનારાઓ ઠેરઠેર પથરાયેલા હોય છે.

કોઈપણ સારા કામમાં નિમિત્ત બનીએ તેનો ઢંઢેરો પીટવાનો ન હોય. સત્કાર્યો ક્યારે કોઈનાથી છૂપા રહી શકતા નથી. એ એની મેળે પ્રગટ થાય છે અને તેની સુવાસ આપોઆપ સર્વત્ર પ્રસરી જાય છે. સત્કાર્યો કરીને પછી બદલાની આશા રાખનારને ઈચ્છિત ફળ મળતું નથી. વાત વાતમાં ફૂલાઈને ફાળકો બનનાર નાનું એવું કામ કર્યું હોય તો મોટા મોટા બણગાં ફૂંકે છે, છીઓ અભિમાન કરીએ છીએ. ગરદન અકડ કરીને છાતી ફૂલાવીને ચાલીએ છીએ જાણે આપણો કોઈ બરોબરીઓ નથી. સૌની સામે કીર્તિ અને માન મળે એની અપેક્ષા રાખીએ છીએ. પણ એટલું યાદ રાખવું જોઈએ જો નિઃસ્વાર્થ ભાવે સેવા અને સત્કાર્યો થઈ શકે તો એનું મૂલ્ય અનેરૂં છે. નિઃસ્વાર્થ ભાવથી આપેલું હોય તેનું યોગ્ય વળતર મળી રહે છે. પણ માણસનો સ્વભાવ છે કે જેનો ત્યાગ કર્યો છે તે યોગ્ય પણે યાદ રહે છે અને જે પ્રાપ્ત થાય છે તે ભૂલાઈ જાય છે. પ્રકૃત્તિનો સ્વભાવગુણ આપવાનો છે એ જ તેના અસ્તિત્વની ઓળખાણ છે. જે તેના સૌંદર્યને નિખારે છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી ભલારાદાદાની મુલુંડ મધ્યે ૩૨મી સમૂહ પહેડી સંપન્ન





શ્રી ભલારાદાદાની ૩૨મી સમૂહ પહેડી તા.૨ એપ્રિલ ૨૦૨૨ શનિવાર ગુડીપડવાના શુભ દિને મુલુંડના કાલિદાસ મેરેજ હોલ મધે બપોરે ૪ વાગ્યાથી લાભાર્થી પરિવાર, આમંત્રિતો સર્વે ટ્રસ્ટીઓ અને ભાવિકોની ઉપસ્થિતિમાં ખૂબજ ધામધૂમપૂર્વક ધર્મ ભાવના માહોલમાં યોજાઈ.



પ્રારંભે સ્થાપના, જ્યોત, ધૂપ, ફૂલહાર, કળશ સ્થાપના વિગેરે ખાસ આમંત્રિતો અને લાભાર્થી પરિવારો માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ મોતા પરિવાર લાખણીયા-વડાલા, માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર રવા-ચેમ્બુર, શ્રીમતી માલતીબેન જયંત ભવાનજી સોની સુથરી-જુહુ, માતુશ્રી રાજબાઈ પદમશી મોતા પરિવાર હસ્તે જયશ્રી ભરત મોતા કુવાપધ્ધર-હૈદ્રાબાદ, માતુશ્રી વિજયાબાઈ કુંવરજી હરશી લોડાયા પરિવાર, રાપરગઢવાળી-ભાડુંપ, માતુશ્રી કલ્પનાબેન શામજી નરશી દંડ પરિવાર સાંધવ-મુલુંડ, માતુશ્રી મણિબાઈ વાલજી ગોવિંદજી ખોના શાહ પરિવાર સાંધવ-ઘાટકોપર, માતુશ્રી જયાબેન વીરચંદ સોની પરિવાર સુથરી-જુહુ, શ્રીમતી ભારતીબેન ભદ્રીચંદ ભવાનજી લખમશી દંડ પરિવાર છાદુડા નલિયા-ડોંબિવલી, શ્રીમતી ચારૂ ગિરીશ નાગડા પરિવાર હસ્તે કાજલ દર્શક અને પરિતા રોહન નલિયા-મુલુંડ, શ્રીમતી









# શ્રી ભલારાદાદાની મુલુંડ મધ્યે ૩૨મી સમૂહ પહેડી સંપન્ન





યશવંતી ચંદ્રકાંત દામજી લોડાયા પરિવાર હસ્તે પ્રિતેશભાઈ કોઠારા-મુલુંડ, માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર રાપરગઢવાળી-ઘાટકોપર દ્વારા થઈ.

ત્યારબાદ ઉપરોક્ત લાભાર્થી પરિવારો દ્વારા પહેડી વાજતે ગાજતે શિરે ધરી દાદા સમક્ષ જુહારી. સાંજે ૫.૩૦ કલાકે બધા લાભાર્થી પરિવારો એ સમૂહમાં પ્રથમ આરતી ઉતારી. સાથે સંગીતકાર ચેતના હરિયા એન્ડ પાર્ટી દ્વારા ભજન, કીર્તન, થાળ, ધૂન વિગેરે ભક્તિ ભાવનાનો રંગ માહોલ જમાવ્યો હતો. ભાવિકો દાદાના દર્શન લાભ લઈ દડીયા પ્રસાદનો લાભ













# શ્રી ભલારાદાદાની મુલુંડ મધ્યે ૩૨મી સમૂહ પહેડી સંપન્ન





લીધો હતો. કુલ ૨૪૦૦થી વધુ ભાવિકો દાદાના દર્શન પ્રસાદનો ધન્ય લાભ લીધો હતો. જેની વ્યવસ્થા શ્રી કદઓ સર્વોદય મંડળ મુલુંડના સર્વે કાર્યકરોએ સંભાળી હતી.

આ પ્રસંગે મુંબઈના જ્ઞાતિ અગ્રણીઓ ઉપરાંત નાસિક અને જલગાંવથી ભાવિકો પહેડી પ્રસંગેમાંથી પધારી લાભ લઈ કૃતાર્થ થયા હતા.

સાંય કાળે ૭ કલાકે લાલપુર ખાતેના આવાસી સંકુલમાં ૨૨૨ દાતાઓએ પોતાનું અમૂલ્ય યોગદાન આપેલ તેમાંથી















# શ્રી ભલારાદાદાની મુલુંડ મધ્યે ૩૨મી સમૂહ પહેડી સંપન્ન



લક્કી ડ્રો થયો અને ૩૦ સહયોગી લાભાર્થીના નામ જાહેર થયા તથા મુખ્ય ભાગ્યશાળી પરિવાર માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા રાયધણજર-મુલુંડનું નામ જાહેર થયું. જે સંકુલના મુખ્ય ગેટ પર લખાશે.

ત્યાર બાદ દ્વિતીય આરતી સાંજે ૮.૩૦ કલાકે સર્વે લાભાર્થી પરિવારો, સર્વે ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓ, આમંત્રિતો અને ભાવિકો દ્વારા ખૂબજ ભાવપૂર્વક સંગીત સાથે આરતી કરાઈ હતી. કાર્યક્રમનું સંચાલન જયંતભાઈ છેડાએ કર્યું હતું. ફોટોગ્રાફી તીલક લોડાયા દ્વારા કરવામાં આવી હતી તેમજ સોશ્યલ મિડીયા પર અને હોમ કેબલની ચેનલ નં.૧૧૩ ઉપર હોમ કેબલવાળા ગિરીશભાઈ કોઠારીના સહયોગથી લાઈવ પ્રસારિત કરવામાં આવેલ.







## કેમ્પસના ભાગ્યશાળીઓની નામાવલી

ડુંગરશી ટોકરશી મૈશેરી – સુથરી, મુલુંડ
સરોજબેન નરેન્દ્ર મૈશેરી – લાલા, કોપરખૈરણા
પ્રભાબેન ઝવેરચંદ મોમાયા – ડુમરા, મુલુંડ
પ્રફુલ ટી. મોતા – સુથરી, મુલુંડ
દીપા હિતેશ સોની – સુથરી, મુલુંડ
પદમશી લાલજી લોડાયા – વરાડીયા, ડોંબિવલી
અશોક કલ્યાણજી ભેદા – વારા પદ્ધર, મુલુંડ
લક્ષ્મીબેન કુંવરજી મોમાયા – વરાડીયા, કલવા
રંજનબેન પ્રવિણ લોડાયા – મોટી ખાવડી, કાંદિવલી
ભલારા ભાવિક ગ્રુપ વરંડી – મુંબઈ
ઝવેરબેન પદમશી લોડાયા – સાયરા, કલવા
વીરચંદ નરશી સોની – સુથરી, જુહુ
યશા વિરેન કિર્તી ધનજી ધરમશી – સુથરી, બેંગ્લોર
હંસા પ્રવિણ લોડાયા – તેરા, થાણા
કસ્તુરી લખમશી મૈશેરી – સાંધાણ, મુલુંડ
વીર જય ડાઘા – વરાડીયા, ભાંડુપ
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા – રવા, ચેમ્બુર
આશા દિપક ગંગાજર ડાઘા – વરાડીયા, મુલુંડ
ધિરીશ ઝવેરચંદ ધરમશી – કોઠારા, બીજાપુર
જિનીશા દિપેશ પટેલ – બાંડીયા, ઐરોલી
બાયાબાઈ કુંવરજી લોડાયા – સાયરા, કલવા
તુષાર જે. મોમાયા – સાયરા, મુલુંડ
પ્રેમિલાબેન પદમશી ખોના – જખૌ, મુલુંડ
સુશિલાબેન પદમશી લોડાયા – તેરા, ભાંડુપ
વિજયાબેન રતિલાલ લોડાયા – બાંઢીયા, નાસિક
તારામતી મણિકાંત લોડાયા – સુથરી, ઘાટકોપર
કુંવરજી હરશી લોડાયા – રાપર ગઢવારી, ભાંડુપ
મણિલાલ ચત્રભુજ નાગડા – કોઠારા, મુલુંડ
હિરલા કરમશી લોડાયા – રાપર ગઢવારી, વડાલા
પ્રેમિલાબેન મેઘજી મોતા – વારા પધ્ધર, મુલુંડ
પ્રેમાબાઈ લાલજી લોડાયા – કોઠારા, મુલુંડ

# વ્યક્તિ વિશેષ : શ્રી ક.દ.ઓ.જૈન મહાજન હુબલીના આદરણીય, સન્માનનીય પ્રમુખશ્રી ભરતભાઈ ભાણજી ખોના







એક અદ્‌ભુત અકલ્પનીય વ્યક્તિત્વ એટલે શ્રી ક.દ.ઓ.જૈન મહાજનના પ્રમુખ શ્રી ભરતભાઈ ખોના કે જેમનો જન્મ ૧૬-૧૦-૧૯૪૨ના થયો યુવા વયે Akay Industries ની બાગડોર સંભાળી. ત્યારબાદ BDK Group of Industries અને Khimji flow Equipments Pvt. Ltd. ને ઉચ્ચતમ શીખરે લઈ જવાનું સન્માન એમના ફાળે જાય છે. અદમ્ય સાહસિક વ્યાપારી કે જેમણે ફક્ત ૩૩ વર્ષની ઉંમરે હુબલી મહાજનશ્રીના પ્રમુખ તરીકે ૧૯૭૫માં બિનહરીફ ચુંટાઈ આવ્યા.

જેના રગેરગમાં જ્ઞાતિના ઉત્થાનની આશા હિલોળા લેતી હોય અને મનમાં મનોબળનો સાગર ઘૂઘવતો હોય તેને ઈશ્વર પણ સાથ આપે છે. આજે ૮૦ વર્ષની ઉંમરે પણ અણનમ સેવા આપી રહ્યા છે. છેલ્લા એક દોઢ વર્ષથી શારીરિક અસ્વસ્થતા હોવા છતાં જ્ઞાતિના કાર્યોમાં ક્યાંય ઓછપ નથી આવી. આજે હુબલી મહાજનના પ્રમુખ શ્રી તરીકે સતત ૪૭ વર્ષથી સેવા આપી રહ્યા છે.



તા.૨૦-૨-૨૦૨૨ની મહાજનશ્રીની વાર્ષિક મિટીંગમાં આગલા ત્રણ વર્ષ માટે ફરીથી પ્રમુખશ્રી તરીકે સર્વાનુમતે ચૂંટાઈ આવ્યા નો અમને સૌને ગર્વ છે અને આપણે સૌ શ્રી અજીતનાથ દાદાને પ્રાર્થના કરીએ કે એમને તંદુરસ્તમય દિર્ઘાયુષ્ય બક્ષે અને આપણે સૌ એમના પ્રમુખપણાની ૨૦૨૫માં સુવર્ણજયંતી ઊજવીએ.

સમસ્ત જ્ઞાતિના ઈતિહાસમાં આનું વર્ણન સુવર્ણાક્ષરે લખાશે એમાં શંકાને કોઈ સ્થાન નથી.

શ્રીયુત ભરતભાઈના માર્ગદર્શન હેઠળની સિધ્ધિઓ કંઈ ઓછી નથી.

૧) પ્રમુખ સ્થાને બીરાજમાન થયાના અલ્પ સમયમાં જ ૧૯૭૮માં સમસ્ત જ્ઞાતિનું બીજું સંમેલન Akay Industries ના પ્રાંગણમાં કબુ લધુનગરના નામાભિમાન સાથે ભરાયું અને જેમાં અનેક ઠરાવો પસાર થયા. એકમોની સ્થાપના થઈ અને શ્રીયુત ભરતભાઈને જ્ઞાતિરત્નના ખિતાબથી નવાજવામાં આવ્યાં.

૨) હુબલીના આંગણે આચાર્ય ભગવંતનું આગમન અને પૂ.સાધુ-સાધ્વીશ્રીઓના ભવ્યાતિભવ્ય ચાતુર્માસ થયા.

૩) ૨૦૦૯માં શ્રી અજીતનાથ જિનાલયનો ત્રિદિવસીય શતાબ્દી મહોત્સવ ધામધુમથી ઊજવવામાં આવ્યો.

# વ્યક્તિ વિશેષ : શ્રી ક.દ.ઓ.જૈન મહાજન હુબલીના આદરણીય, સન્માનનીય પ્રમુખશ્રી ભરતભાઈ ભાણજી ખોના








૪) જ્ઞાતિના વિવિધ મંડળો-ગ્રુપોને પ્રોત્સાહન.

૫) મહાજનશ્રી હસ્તક કેડીઓ અંગ્રેજી માધ્યમ શાળા કે જ્યાં આપણી જ્ઞાતિના બાળકોને ડોનેશન અને ફી માફી સાથે શિક્ષણ.

૬) જ્ઞાતિનો Mayfair Auditorial હોલ કે જેનો ઉપયોગ ધાર્મિક, સામાજીક, સાંસ્કૃતિક કાર્યક્રમો માટે તથા સાદડી પ્રાર્થના માટે વિનામુલ્યે અને અંગત કાર્યક્રમોમાં ફક્ત જાળવણી ખર્ચના નજીવા ફાળે આપવામાં આવે છે.

૭) નબળા કુટુંબોને આર્થિક સાધર્મિક સહાય, જ્ઞાતિના બાળકોને શાળા ફી તેમજ પુસ્તકોના ખર્ચ, મેડિકલ પ્રિમીયમની સુવિધા, ઉચ્ચ અભ્યાસાર્થે શિક્ષણ લેવા ઈચ્છતા બાળકોને જરૂર પડયે વિના વ્યાજે લોનની વ્યવસ્થા એકલ દોકલ નિ:સહાય વ્યક્તિને મકાનની વ્યવસ્થા અને જરૂરીયાત મુજબ ભાડા માફી પણ આપેલ છે આ ઉદારતા હુબલી મહાજને દાખવી છે.

૮) જ્ઞાતિની મુળભુત જરૂરીયાત રહેઠાણની આ અંગે પણ આપણા પ્રમુખશ્રીએ પદભાર સંભાળતાં જ ૧૯૭૯માં કચ્છી હાઉસ એ ૧૯૮૪માં કચ્છી હાઉસ બી તેમજ હોલની વ્યવસ્થા ઉભી કરી જ્ઞાતિના મધ્યમ વર્ગીય અને ખરાબ લત્તામાં રહેતા જ્ઞાતિબાંધવોને ફાળવ્યા એક બ્લોક અતિથિગૃહ તરીકે રાખવામાં આવેલ.

અહીં જ ન અટકતાં આગળ જતાં કેડીઓ એપાર્ટમેન્ટ અને કેડીઓ મેન્શનનું નિર્માણ થયું.

આગળ જતાં કુસુગલ રોડ ઉપર અત્યાધુનિક સુખ સગવડોથી સજ્જ. કેડીઓ રેસિડેન્સી એ વિંગ અને હાલ બી વિંગનું કામકાજ પુર જોશમાં ચાલુ છે.

જેનો યશ હુબલી મહાજનશ્રીના પ્રમુખ શ્રી ભરતભાઈ ખોના અને એમના મદદકર્તા શ્રીયુત વીરેન્દ્રભાઈ છેડાને ફાળે જાય છે. આ બધું જ્ઞાતિદાઝ વગર શક્ય ખરૂં?

ફરી એકવાર આપણે સૌ સાથે મળી શ્રી અજીતનાથ દાદાને વિનંતી કરીએ કે આપણા પ્રમુખશ્રીને તંદુરસ્તમય દિર્ઘાયુષ્ય બક્ષે. જય જ્ઞાતિમૈયા **પરિચયકર્તા : શાંતિલાલ રામજી લાલકા (હુબલી)** 9242220803

# Anumodana

## Sanjivani Case- 56 Patient : Smt. Naina T. Shah (Dand), Dhrafa ( Mulund )

| Lifetime Patron | Donation (Rs |
|---|---|
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Banglore | 5,000 |
| Shri KDO Jain Gnati Mahajan, Raipur | 2,500 |
| Late Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000 |
| **Individual Donors** | |
| Smt. Rekha Pravin Khona, Gorakhadi - Ambernath | 10,000 |
| Smt. Sheela Bharat Dagha, Varadia, Mulund | 10,000 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 5,000 |
| Shri Premchand M. Mota, Kuapadhar, Kolkata | 2,500 |
| Well Wisher-1 | 2,000 |
| Well Wisher-2 | 2,000 |
| Shri Rajendra U. Desai (Lapasiya), Raichur | 1,500 |
| Shri KDO jain Gnati Mahajan, Kolkatta | 1,500 |
| Shri Chetan Somchand Munvar, Bellari | 1,000 |
| Shri Hanskumar Lamichand Chheda | 1,000 |
| Shri Vijay Visanji Soni, Vanku, Dombivli | 1,000 |
| Shri Hukamchand J. Dharamsey | 1,000 |
| Shri Bhupendrabhai D. Mota, Tera, Malad | 1,000 |
| Shri Pomesh Hirachand Momaya | 500 |
| Well Wisher-3 | 500 |
| Shri Mehul Chandrakant Vinjhani ( Hefa ) | 500 |
| Shri Nitin Raychand Sayla, Suthri - Dombivli | 500 |
| Shri Jitesh Momaya | 500 |
| Shri Chandresh Tokarshi Lodaya, Alleppey | 500 |
| Shri Rohit Jivraj Poladia | 250 |
| Shri Hemantbhai | 200 |
| **Previous Case Balance** | |
| Case- 55 | 18,000 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case- 57 Patient: Smt. Hemlata Hanskumar Mota, Kuvapadhar, Kalwa

| Uranium Patron | Donation ( |
|---|---|
| Anantnathji Maharaj Jain Temple and its Sadharan Fund Trust | 15,000 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 15,000 |
| **Aadhar Stambh Patron** | |
| Shri. Narendrabhai Shamji Dand, Tera, Mumbai | 10,000 |
| **Lifetime Patron** | |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Banglore | 5,000 |
| Shri KDO jain Gnati Mahajan, Raipur | 5,000 |
| Shri Jai Jinendra Gautamnidhi Trust, Mumbai | 5,000 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500 |
| Late Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000 |
| M/S. Deluxe Logistics Pvt. Ltd, Mr. Kirti Dhanji Dharamshi | 2,000 |
| Shri Pankaj Laxmichand Dharamshi | 2,000 |
| Shri Kumar Babubhai Dand, Tera , Mumbai | 1,000 |
| Shri Laljibhai Velji Lodaya, Varapadhar - Dombivali | 1,000 |
| Smt. Sarlaben Lalji Lodaya, Varapadhar - Dombivali | 1,000 |
| **Other Individual Donations** | |
| Shri Milan Maheshwari, Jakhau, Pune | 25,000 |
| Well Wisher-1 | 25,000 |
| Shri Sushil K. Momaya | 15,000 |
| Shri Siddharth Lodaya | 5,000 |
| Shri Anil Shamji Khona | 5,000 |
| Well Wishers-2 | 2,500 |
| Matushri Rajbai Keshavji Momaya | 2,500 |
| Well Wishers-3 | 2,000 |
| Shri Rajendra U. Desai (Lapasiya), Raichur | 2,000 |
| Shri Kutchi Dasa Oswal Jain Gnati Mahajan, Kolkatta | 1,500 |
| Matushri Arunaben Chimanlal Nagda, Cochin - Mumbai | 1,001 |
| Shri Hukamchand Javerchand Dharamsey, ManjalReladia - Andheri | 1,000 |
| Shri Hanskumar Lamichand Chheda, Sujapar - Bhandup | 1,000 |
| Shrimati Hemal Jay Poladia, Pune | 1,000 |
| Shri Hemant Premchand Daulat ( Dhulla ) | 1,000 |
| Shri Bhupendra bhai Mota | 1,000 |
| Shri Pomesh Hirachand Momaya | 500 |
| Well Wisher | 500 |
| Shri Chandresh Tokarshi Lodaya, Alleppey | 500 |
| Shri Kamlesh Khushalchand Poladia, Pachora | 500 |
| Shri Nitin Raychand Sayla, Suthri - Dombivli | 500 |
| Shri Mehul Chandrakant Hefa ( Vinjhani ) | 500 |
| Shri Rohit Jivraj Poladia | 250 |
| Well Wisher | 200 |
| **Previous Case Balance** | |
| Case-40 | 81,371 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 90990 41414

**Thank You Donors for your Generosity & Kindness**

# શત્રુંજય તીર્થે સિધ્ધચક્ર તથા મહાલક્ષ્મી આરાધનાનું આયોજન

રવિપુષ્પ અને રવિયોગ આ બે બે યોગોનું શુભ મંગળ દિવસ એટલે ૧૦ એપ્રિલ ૨૦૨૨ રવિવાર શત્રુંજય તીર્થની ધન્ય ધરા પર આદિનાથ દાદાના સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ, સૂરિમંત્ર, પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિની પાવનકારી નિશ્રામાં સિધ્ધચક્ર તથા મહાલક્ષ્મી આરાધના સવારે ૬.૪૫ કલાકે ૧૦ એપ્રિલ રવિવારના કવિન્દ્રવીર સાધના નિકેતન પાલિતાણા મુકામે કરાવવામાં આવશે. આવા શુભ યોગોમાં કરવામાં આવતી આરાધના-સાધના શીઘ્ર ફલવંતી બને છે.

ખાસ નોંધ : આરાધકો જે આરાધના નિત્ય કરતા હો તે આરાધના શુભ દિવસે વિશેષ રૂપે કરજો.

# આર્તધ્યાન-રૌદ્રધ્યાય Topic પર શાનદાર પ્રવચન માળા સાંભળવાનો સોનેરી અવસર

આપણે દુ:ખી કેમ રહીએ છીએ વ્યક્તિ વસ્તુ અથવા કોઈ ઘટના અથવા પરિસ્થિતિ આપણી મનોસ્થિતિને કેમ નેગેટિવ રીતે પ્રભાવિત કરી ડિસ્ર્ટબ કરી દે છે. આપણો મૂડ કેમ જલદી ખરાબ થઈ જાય છે. મનના ઓવર થિન્કીંગનું કારણ શું નાની નાની અણગમતી વાતો અને તનાવગ્રસ્તને કારણે છે? આવા અઢળક પ્રશ્નોનું શાસ્ત્રીય સમાધાન કરે એવી ધ્યાન યોગ વિષય પર ડિટેલમાં આર્તધ્યાન/રૌદ્રધ્યાય Topic પર શાનદાર પ્રવચન માળા લાલબાગના સુવિધિનાથ જિનાલયમાં પ.પૂ.ગણિવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના સાંનિધ્યમાં શરૂ છે. ઓજસ્વી પ્રવચનકાર યુવામુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના દૈનિક પ્રવચન સવારે ૯ થી ૧૦ દરમ્યાન ઉપરોક્ત વિષય પર જેનો લાભ જરૂર લેવો. આવશો તો કંઈક નવું પામશો.

# લાલબાગ શ્રી સુવિધિનાથ જૈન સંઘમાં મહારાજ સાહેબોની સ્થિરતા

ધ્યાનયોગી સાધના સમ્રાટ ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા., વૈયાવચ્ચપ્રેમી પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મરત્નસાગરજી મ.સા., ઓજસ્વી પ્રવચનકાર પ.પૂ.યુવામુનિ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. સેવાભાવી પ.પૂ.શ્રી પ્રેમરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા ૪ દક્ષિણ મુંબઈના લાલબાગના શ્રી સુવિધિનાથ જૈન સંઘમાં બિરાજમાન છે.

પૂજ્ય સાહેબોની અત્રે કેટલાક દિવસોની સ્થિરતા રહેશે. સૌ જરૂરથી દર્શન, વંદન સાથે પ્રવચનનો અવશ્ય લેશોજી.

# પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ની નાંદેડમાં સ્થિરતા

પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ની વર્તમાનમાં હૈદ્રાબાદથી વિહાર કરતાં મહારાષ્ટ્રના નાંદેડ મુકામે બિરાજમાન હતા. પૂજ્યશ્રીની ૩ દિવસની સ્થિરતા દરમ્યિાન દૈનિક પ્રવચન, બાલ સંસ્કાર શિબિર આદિ આયોજન કરાયેલા. સંઘના શ્રાવક શ્રાવિકાઓ અને નાના મોટેરાઓ સૌ લાભ લઈ ધન્ય ધન્ય થયા હતા.

# કચ્છના બંદરીય શહેર માંડવીને આંગણે ભગવતી પ્રવજ્યા મહોત્સવમાં ઘરબેઠા જોવાનો લાભ લો

કચ્છના બંદરીય શહેર માંડવી આંગણે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિજી મ.સા. આદિ વિશાળ શ્રમણ શ્રમણી વૃંદની નિશ્રામાં બાડમેર રાજસ્થાન નિવાસી મુમુક્ષુ કરિશ્માબેન માંગીલાલજી બોહરાની ભગવતી પ્રવજ્યા મહોત્સવ ભવ્યભાવથી તા.30 માર્ચ બુધવારના દિને થઈ આ ભવ્ય ભાવ આયોજનનો લાભ ઘર બેઠા માણવા-લેવા માટે ૪.૫૬ કલાકનો યુટ્યૂબ વીડિયો લીંક https://youtu.be/YnHbPpY0vP4 પર લિંક દ્વારા જોડાઈ શકાશે. સંપર્ક : રણછોડ-૮૩૬૯૩૮૦૬૯૦

# માંડવી સંઘમાં સંયમ કેસરિયા પંચાન્હિકા મહોત્સવ નિમિત્તે અચલગચ્છાધિપતિનો ઉમંગે પ્રવેશ થયો

માંડવી અચલગચ્છ જૈન સંઘ દ્વારા મુમુક્ષુ કરિશ્માબેન માંગીલાલજી બોહરાની દીક્ષા નિમિત્તે તા.૨૮ માર્ચ સોમવારે મહોત્સવના બીજા દિવસે દાદાવાડી પાસેથી સાહિત્યદીવાકર, વર્તમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા., શિવમસ્તુ તીર્થ પ્રેરક પ.પૂ.શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. આદિ શ્રમણ-શ્રમણી ભગવંતોના સામૈયા સાથે શોભાયાત્રા યોજાઈ હતી.



ગચ્છાધિપતિ શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.એ માંડવીમાં પાંચેય ગચ્છના સંઘો સાથે મળી જૈન એકતાને બિરદાવતાં શહેરમાં માર્ગો પર લગાડવામાં આવેલ બેનરોમાં લખવામાં આવેલ દરેક શ્લોકમાંથી પ્રેરણા લઈ આત્મશુદ્ધિ પ્રાપ્ત થઈ શકે તેવું જણાવ્યું હતું. ૬૧ વર્ષથી માંડવી સાથે સંબંધ હોવાનું જણાવી સંસ્મરણો તાજા કર્યા હતા. બહેનોમાં ભારતીય સંસ્કૃતિની મર્યાદા જળવાય તે માટે પ્રેરક ઉદ્બોધન આપી આત્મિક સૌભાગ્યમાં ખૂબ આગળ વધવા, સમ્યક દર્શન, ચારિત્ર્ય પામો અને રત્નત્રયીના બીજ જીવનમાં ઊગે તે માટે મુમુક્ષુ કરિશ્માબેનને આશીર્વાદ પાઠવ્યા હતા.

શિવમસ્તુ તીર્થ પ્રેરક પ.પૂ.શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.એ માંડવી સમસ્ત જૈન સંઘ દ્વારા મુમુક્ષુને 'વહાણ' આપીને સન્માન કરાયું ત્યારે વહાણની યાત્રા માંડવી બંદરથી ચાલુ કરી મોક્ષનગરીમાં પહોંચશે તેવું કહી મુમુક્ષુના પિતા માંગીલાલજી તથા માતા લીલાદેવીની ભાવનાને બિરદાવી દીક્ષા અંગેની વિસ્તૃત માહિતી આપી ચારિત્ર્ય પામવા આશીર્વાદ પાઠવ્યા હતા.

દીક્ષા પ્રસંગ ગચ્છાધિપતિ પ.પૂ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા., પ.પૂ. શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા., પ.પૂ. શ્રી તીર્થરત્નસાગરજી મ.સા., પ.પૂ. શ્રી મેઘરક્ષીતસાગરજી મ.સા. આદિ શ્રમણ ભગવંતો તેમજ યતીવર્ય પ.પૂ. શ્રી મોતીસાગરજી તથા પ.પૂ.સા. શ્રી જ્યોતિકળાશ્રીજી, પ.પૂ.સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી નંદીવર્ધનાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી તત્ત્વગુણાશ્રીજી મ.સા., હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી કમોલગીરાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી કિરણકલાશ્રીજી મ.સા., પ.પૂ.સા.અર્પિતાબાઈ મહાસતીજી મ.સા.આદિ બહોળી સંખ્યામાં શ્રમણી ભગવંતોની પાવન નિશ્રામાં યોજાયો હતો.

ગુરુપૂજનનો લાભ માતા રંભીબેન વલ્લભજી ધરમશી શાહ પરિવાર હસ્તે ચંદ્રિકબેન પારસભાઈ શાહ, હેતલ જય શાહે, જ્યારે કામળી વહોરવવાનો લાભ ગીતાબેન વિનોદભાઈ ડાઘા પરિવાર વરાડિયાવાળા હાલે મુંબઈ મુલુંડે લીધો હતો.

ગચ્છાધિપતિના મંગલાચરણથી શરૂ થયેલા કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન અચલગચ્છ જૈન સંઘના પ્રમુખ મયૂરભાઈ શાહે કર્યું હતું. શ્રી વીશા શ્રીમાળી ઓશવાળ જૈન ગુર્જર જ્ઞાતિ-માંડવી, અચલગચ્છ, તપગચ્છ, ખરતરગચ્છ, છ કોટિ, આઠ કોટિ પક્ષ, આઠ કોટિ નાની પક્ષ ટ્રસ્ટીઓએ સાથે મળી મુમુક્ષુ કરિશ્માબેનને વહાણની ભેટ આપી બહુમાન કર્યું હતું. મુમુક્ષુ કરિશ્માબેને માંડવીના પાંચેય ગચ્છના દેરાસર, ઉપાશ્રય, આયંબિલ, શાળાના ૭૦ કર્મચારીઓનું બહુમાન કર્યું હતું. કાર્યક્રમનું આયોજન માંડવી અચલગચ્છ જૈન સંઘ, માતા સુંદરદેવી સિરેમલજી બોહરા (બાડમેર-રાજસ્થાન), કુ.ઈન્દિરાબેન નાગજી વીરપાર છેડાના માર્ગદર્શન હેઠળ યોજાયું છે.

# દક્ષિણ રત્ન મહાતપસ્વી ગણિવર્ય મ.સા.નો ચાતુર્માસ થાણા વેસ્ટમાં નિર્ધારિત થયો

સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના વિનીત શિષ્ય રત્ન દક્ષિણ રત્ન મહાતપસ્વી પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. આદિઠાણાનો ચાર્તુમાસ અચલગચ્છાધિપતિશ્રીની આજ્ઞાથી શ્રી ઠાણા ક.વી.ઓ.જૈન શ્રી ઋષભ અજિત ભક્તામર જિનાલય નવપાડા થાણા વેસ્ટમાં નિર્ધારિત થયો છે.

# મુમુક્ષુ કુમારી કરિશ્માબેનનું નૂતન સંયમી જીવનનું નામ જાહેર કરાયું



મુમુક્ષુ કુમારી કરિશ્માબેન માંગીલાલ બોહરા-બાડમેર-રાજસ્થાનની તા.૩૦ માર્ચ બુધવારના માંડવી સંઘમાં દીક્ષા સંપન્ન થયેલ. નૂતન દીક્ષાર્થીનું સંયમી જીવનનું નૂતન નામ પ.પૂ.સાધ્વી શ્રી આદિત્યયશાશ્રીજી મ.સા. જાહેર કરવામાં આવેલ.

# શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘ દ્વારા દીક્ષાર્થી મુમુક્ષુનું વિજય તિલક કરી બહુમાન કરાયું

શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના પ્રમુખ રતનલાલજી વડેરા તથા મહામંત્રી મિશ્રિમલજી શ્રીશ્રીમાલ દ્વારા દિક્ષાર્થી મુમુક્ષુ કરિશ્માબેન બોહરાને વિજય તિલક કરી ભાવપૂર્વક બહુમાન કરાયું.



# દીક્ષાર્થી મુમુક્ષુ કરિશ્માબેનનો વિદાય સમારંભની વીડિયો લીન્ક

માંડવી કચ્છ જૈન પુરી, આઝાદ રોડ મધે બાડમેર રાજસ્થાનના દીક્ષાર્થી મુમુક્ષુ કશ્મિાબેન માંગીલાલ બોહરા તા.૩૦ માર્ચ બુધવારના સંયમ કેસરીયો પંથ સ્વીકારી દીક્ષા ગ્રહણ કરી. તા.૨૯ માર્ચ મંગળવાર રોજે રાત્રે કલાકે વિદાય સમારંભનો ભવ્ય કાર્યક્રમ યોજાયો. રંગારંગ આયોજનનો ૩.૨૬ કલાકનો યુટ્યૂબ વીડિયો લિન્ક https://youtu.be/26u4BSiwq0Y થી જોઈ માણી શકાશે. 'રૂડા રાજ મહેલને ત્યાગી' નામથી આ હૃદયદ્રાવક વિદાય સમારંભ માણવાલાયક છે.

# ક.દ.ઓ.જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ ચાલીસગામ કાયમી આયંબિલ આરાધનામાં લાભાર્થીઓ જોડાઈ રહ્યાં છે

શ્રી ક.દ.ઓ.જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ ચાલીસગામમાં ખાનદેશ તીર્થોધ્ધારિકા પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પ્રેરણા ભાવથી શ્રી ચાલીસગામ સંઘમાં કાયમી આયંબિલ આરાધના શરૂ છે.

જેને સારો આવકાર મળેલ છે. રોજરોજ લાભાર્થીઓ યોગદાન નોંધી સહકાર આપી રહ્યાં છે. નિર્ધારિત યોગદાન નોંધાવી નીચે મુજબ દાતા પરિવાર નોંધાયા છે રૂ.૫૦૦૦/- માતુશ્રી સોનબાઈ લક્ષ્મીચંદ લોડાયા-વારાપધ્ધર, જ્યારે રૂ.૫૦૦નો યોગદાન નોંધાવી સહભાગી થનાર માતુશ્રી તારાબાઈ કાંતિલાલ નાગડા-જખૌ, માતુશ્રી નેણબાઈ મણિલાલ ધુલ્લા-સેવક ભરૂડિયા તથા ચિ.ભાવેશ જુગલ વિજય પોલડિયા-બાયઠ. સંપર્ક હેમંત કુમાર ગુલાબ નાગડા-૭૭૫૭૦૦૮૦૮૨

# દેઢિયા કચ્છમાં ચૈત્ર માસ આયંબિલ ઓળીમાં આરાધકો જોડાઈ શકશે

શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની જન્મ કર્મ અને દીક્ષા ભૂમિ સ્મૃતિમાં નિર્મિત સમેતશિખરાવતાર શ્રી ગુણપાર્શ્વનાથ જૈન તીર્થ દેઢિયા કચ્છ મધે ચૈત્ર માસ આયંબિલ ઓળીમાં મર્યાદિત સંખ્યામાં આરાધકો જોડાઈ શકે છે. સંપર્ક કેવલ સાવલા-૯૯૨૪૯૧૧૭૮૫

# શ્રેયસ્કારી શ્રી સિધ્ધચક્ર મહાયંત્ર ઓપન બુક એક્ઝામ

'જિંદગી કે સાથ ભી જિંદગી કે બાદ ભી' આ વાત હૃદયમાં ઉતરે તેવી છે. જિંદગીની સાથે અને જિંદગીપૂર્ણ થાય ત્યારે પણ અને પછી પણ સાથ આપે. એવું શું?

'આ શું'નો જવાબ જાણવા સૌની ઉત્સુકતાનું નિવારણ કરવા નજરાણા સ્વરૂપે આવી રહ્યું છે. શ્રેયસ્કારી શ્રી સિધ્ધચક્ર મહાયંત્ર ઓપન બુક એક્ઝામ પુસ્તકની કિંમત રૂા.૧૨૫. ડિસ્કાઉન્ટ રેટ ફક્ત પરીક્ષાર્થી માટે. ઉત્તરપત્ર મોકલવાની અંતિમ તા.૩૦-૯-૨૦૨૨. વધુ વિગત માટે સંપર્ક ભક્તિબેન ધરોડ-૯૮૧૯૩૦૩૪૦૮

# ૭૨ જિનાલય તીર્થે અચલગચ્છાધિપતિ મ.સા. આદિ ઠાણાની ભાવપૂર્વક પધરાણી થઈ

તા.૩૧ માર્ચ શુક્રવારે રાયણ ગામથી વિહાર કરીને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાઓ ૭૨ જિનાલય તીર્થોમાં પધરામણી કરી.

આ વર્ષે જે જે અચલગચ્છીય સંઘોમાં સાધ્વીજી ભગવંતોનું ચાતુર્માસ છે તેમને ચાતુર્માસના આજ્ઞાપત્રક ગુરૂદેવના હસ્તે અહીંથી અપાશે.





# શત્રુંજય તીર્થ ધન્ય ધરા પર સાધ્વી મહારાજ સાહેબોની વડી દીક્ષા સંપન્ન થઈ







શત્રુંજ્ય તીર્થની ધન્ય ધરા પર આદિનાથ દાદાના સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષી તપના તપોનિધિ સૂરિમંત્ર પંચપ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. આદિની પાવનકારી નિશ્રામાં ગુણોદય પૂરમ મધે પ.પૂ.સાધ્વીશ્રી રત્નનિધિશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી કાર્યરક્ષિતાશ્રીજી મ.સા.ની વડી દીક્ષા સંપન્ન થઈ.

# લોકોમાં બચતનું મહત્વ સમજાવવા પ્રયત્નશીલ દિશા ધર્મેશ મોમાયા

બચત એ જરૂરી છે. અણધાર્યા પણે આવતા ખર્ચમાં અગાઉ પૈસો પૈસો કરી બચાવેલ રકમ એટલે બચત જ આપણો બચાવ કરવા આપણી સાથે ઊભી હોય છે. બચપણથી જ માતાપિતાએ સંતાનોમાં બચતની આદત પાડે છે. રોજે રોજ કંઈક ચિલ્લર આપીને તે સેવિંગ્સ પોટસમાં મૂકે એ માટે તેમને પ્રેરણા આપે છે. જરૂરી ન હોય ત્યાં કંઈ ન ખરચવું એ પણ એક જાતની બચત છે.



સ્ત્રીઓ છાની રીતે બચત કરવામાં માહિર હોય છે. ઘર ખર્ચ માટે મળેલ રકમમાંથી કંઈક કટકી કરી એ રકમ છૂપાવી દે છે. જે સમય જતાં મોટી રકમ થાય છે. આખરે જ્યારે પતિને કે ઘરની મોભી વ્યક્તિને સંકટ પડે ત્યારે એ રકમ સંકટ સમયની સાંકળ તરીકે કામ આવે છે. આ મહત્વ છે બચતનું.

**દિશા ધર્મેશ મોમાયા સાંયરા-ભાંડુપ-૯૩૨૩૮૮૬૫૮૨** ફાઈનાન્સિયલ એડવાઈઝર છે. તેઓ પોસ્ટ ઓફિસ સેંવિગ્સ સ્કીમ અને પોસ્ટલ લાઈફ ઈન્સ્યુરન્સના ઓથોરાઈઝડ એજન્ટ છે. પોતે આત્મનિર્ભર બને, સ્વશ્રમ કરી રોજગાર મેળવે તથા લોકો બચત કરવા માટે સજાગ થાય એ આ વ્યવસાય અપવવાનો તેમનો હેતુ છે. પરિવારના પ્રોત્સાહન અને તેમનાથી પ્રેરિત થઈ આ વ્યવસાય અપનાવ્યું છે.

આજ સુધી કોઈ ખરાબ અનુભવ થયો નથી. જ્યારે જ્યારે નવા લોકોને મળે છે ત્યારે તેની વાતો અનુભવમાંથી કંઈ પ્રેરણા પ્રાપ્ત કરે છે. આજની નિયમિત નાની રકમની બચત ભવિષ્યમાં મોટી થાપણ બની જાય છે અને હૈયામાં સંતોષ રહે છે કે હાશ, મારી પાસે પણ મેં બચાવેલી મૂડી છે. આ વાત દરેક ગ્રાહકને શાંતિથી સમજાવી તેમનો વિશ્વાસ પ્રાપ્ત કરે છે. આ પ્રોફેશનમાં દરેક તબક્કે દિશાબેનનો કોન્ફિડેન્સ લેવલ વધતો રહે છે.

આજ દિવસ સુધી કોઈ ગંભીર તકલીફ મુશ્કેલી આવી નથી. પરિવારનો મોટો ટેકો તેમને છે જેથી તેઓ નિશ્ચિતાથી ગ્રાહકને બેસ્ટ સર્વિસ આપે છે. આ જ માઉથ પબ્લિસિટીથી બીજા પણ ગ્રાહક મળતા રહે છે.

'મારા ગ્રાહકો મારી સર્વિસ પામી ખુશ હોય છે. માત્ર ધંધો વધારવા ગ્રાહકોને કોઈ સ્કિમ પકડાવી દેવી યોગ્ય નથી ગણતી. દરેક ગ્રાહકના પરિવારના સંજોગો, ભવિષ્યના ખર્ચા વિગેરેનું આંકલન કરી તેમને સમજાવીને તેઓ ગ્રાહકને સંતોષકારક સર્વિસ આપે છે. જેને કારણે જૂના હોય કે નવા ગ્રાહક તેમની કાળજીથી ખુશી વ્યક્ત કરે છે.' એમ દિશા મોમાયા જણાવ્યું.

આજ દિવસ સુધી પારિવારિક જીવન અને વ્યવસાયિક જીવન વચ્ચે તેઓ કુશળતાથી બેલેન્સ કરી શક્યા છે. ભવિષ્યમાં આર્ટ અને ક્રાફ્ટની હોળી અને Terrarium Making ડેવલોપ કરવા ઈચ્છુક છે. જ્ઞાતિજનોને એટલું જ કહેવા ઈચ્છે છે કે પ્રોફેશન હોય કે પેશન તેને સો ટકા મહેનત આપો જેથી ઉજજવળ ભવિષ્ય તમને અચૂક મળશે.

દિશા મોમાયાના જઝબાને યોગ્ય કવિ દુષ્યંત કુમાર લિખિત કાવ્ય પંક્તિ છે.

**कौन कहता है आसमां में सुराख नहीं हो सकता, एक पथ्थर तो तबियत से उछालो यारो**

# પ.પૂ.મુનિરાજ શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.નો પદારોહણ પર્વોત્સવ




શિવમસ્તુ તીર્થના પ્રણેતા પ્રેરક પ્રવચનકાર યુવા હૃદયસમ્રાટ પ.પૂ. મુનિરાજ શ્રી પુર્ણભદ્રસાગરજી મ.સા.ને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના વરદ હસ્તે શુક્રવાર તા.૬ મે ના દિને ગણિ ઉપાધ્યાયપદે અલંકૃત કરાશે. શ્રી સંઘો અને ગુરૂ ભક્ત પરિવારોની ભાવના હતી તે આ શુભદિને પરિપૂર્ણ થશે. પૂજ્ય સાહેબશ્રીએ સંવત ૧૯૯૮ના ચાતુર્માસમાં અચલગચ્છ સમાજમાં સૌ પ્રથમ તેરા તીર્થે યોજાયેલ. ૨૫૦ યુગલની જ્ઞાન શિબિરમાં સંસ્કાર સિંચન કરેલ. જેની સુવાસ હજી પણ પ્રસરી રહી છે.

# દીક્ષાર્થી મુમુક્ષુ કરિશ્માબેનનો વરસીદાનનો વરઘોડો આનંદથી સંપન્ન




તા.૨૯ માર્ચ મંગળવાર સવારે ૯ કલાકે સર્વજીવોને અભયદાનની ઉદ્‌ઘોષણા કરતું દીક્ષાર્થી મુમુક્ષુ કરિશ્માબેનનો વરસીદાનનો વરઘોડો અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા, પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં અને ચતુર્વિધ સંઘની હાજરીમાં આનંદ ઉમંગના ભાવ સાથે માંડવી નગરની બજારોમાં ફરતો સંપન્ન થયો હતો.

# મુલુંડના વાસુપૂજ્ય જિનાલયમાં પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મહારાજ સાહેબની પધરામણી




મુલુંડ વેસ્ટના વાસુપૂજ્ય જિનાલયના આંગણે પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા. આદિ ઠાણા 30 માર્ચ બુધવારના રોજ ચૈત્ર માસની ઓળી આરાધનામાં નિશ્રા પ્રદાન કરવા પધરાણી કરી. સંઘમાં ધર્મ લાભનો ઉત્સાહ માહોલ સર્જાયો હતો.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ચંપાબેન માલદે**
તા.૨૫ માર્ચ (ઉ.૭૮)
દલતુંગી-દલતુંગી



**યોગેશ લોડાયા**
તા.૩૧ માર્ચ (ઉ.૭૦)
૨વા-ઘાટકોપર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● ગુજરાત ટૂરિઝમ દ્વારા રતન પર ખડીર સ્થિત સુશીલ ટ્રસ્ટ સ્થાપિત અને આરતી ફાઉન્ડેશન સંચાલિત રામકૃષ્ણ દેવ વિધા સંકુલ મધે ચાલી રહેલા સત્યાવીસ દિવસીય ટૂરિસ્ટ ગાઈડ તાલીમનો પ્રશિક્ષણ વર્ગ પૂર્ણ થતા અંતિમ દિવસે તેનો સમાપન સમારોહ યોજવામાં આવ્યો હતો. પાંચ યુવતી અને પચાસ યુવાન મળી કુલ્લ પંચાવન યુવાઓને ગુજરાત ટૂરિઝમ દ્વારા ટૂંક સમયમાં ટૂરિસ્ટ ગાઈડ તરીકેનું લાયસન્સ અપાશે. નોલેજ પાર્ટનર તરીકે અમદાવાદની એચ.કુમાર ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આ સર્વેને પ્રશિક્ષિણ અપાયું હતું. ખડીર ટાપુ પરના સ્થાનિક યુવાનાને સમાવિષ્ટ કરતા આ પ્રશિક્ષણ વર્ગમાં થિયરી અને લેક્ચરની સાથે સાથે પ્રેક્ટિકલ અભ્યાસના ભાગ રૂપે ખડીરના જાણીતા ટૂરિસ્ટ પોઈન્ટ પર રૂબરૂ પહોંચીને તેના ઈતિહાસ તેમજ ભૂગોળથી સૌને માહિતગાર કરાયા હતા. સમાપન સમારોહના મુખ્ય અતિથિ તરીકે સંસ્થાના ટ્રસ્ટી લાલભાઈ રાંભિયા દ્વારા યુવાનો સાથે સંવાદ સધાયો હતો.

● મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત સરકારના ઉદ્યોગવિભાગ અને પોસ્કો અદાણી કોલોબરેશ વચ્ચે ગાંધીનગરમાં થયેલા એમઓયુ અંતર્ગત કચ્છના મુંદ્રામાં ઈન્ટીગ્રેટડ સ્ટીલ મિલ અને અન્ય સહયોગી પ્લાન્ટ ૩૭૫૦૦ કરોડના રોકાણ સાથે આકાર પામશે. ૩૪૦૦થી વધુ લોકોને પરોક્ષ કે સીધી રોજગારીની તકો પૂરી પાડશે.

● તાજેતરમાં કચ્છથી પોતાના ઊંટ સાથે પગે ચાલીને મહારાષ્ટ્ર ગયેલા કચ્છના પાંચ ઊંટ ચાલકોને તેમના ૫૮ જેટલા ઊંટ સાથે કાયદાની જાળમાં ફસાવીને કચ્છના માલધારીઓને મહારાષ્ટ્રની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી છે. કાયદાની પેચીદી જોગવાઈથી અજાણ અને અભણ એવા પાંચ માલધારીઓ છેલ્લા એક અઠવાડિયાથી મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લાના તલેગાંવ થાણા જેલમાં અટકાયત હેઠળ છે. આ ઊંટ રાજસ્થાનથી હૈદ્રાબાદ કતલ કરવાના ઈરાદે લઈ જઈ રહ્યા છે. તેવી શંકાને આધારે તેમની ધરપકડ કરી પશુ કુરતા નિવારણ કાયદાની જોગવાઈઓને આધારે તેમની સામે ફોજદારી દાખલ કરાઈ છે. મહારાષ્ટ્રમાં કાયદાની જાળમાં ફસાયેલા કચ્છના માલધારીઓને મુક્ત કરાવવા કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાને રજૂઆત કરાતા તેમના દ્વારા પ્રયાસો થઈ રહ્યાં છે. તે ઉપરાંત કચ્છ કલેક્ટરને પણ આવેદન આપીને રજૂઆત કરાઈ છે.

● કચ્છના જૈન સમાજના આસ્થાળુ યાત્રાળુઓ માટે ગુજરાત એસ.ટી.નિગમ દ્વારા ભુજથી પાલીતાણા તળેટી સુધી સ્લીપર કોચ લક્ઝરી બસ સેવાનો પ્રારંભ વિધાન સભા અધ્યક્ષા ડૉ.નીમાબેન આચાર્ય દ્વારા લીલીઝંડી આપીને પ્રારંભ કરાયો છે.

● અંગ્રેજી નૂતન વર્ષના પ્રથમ સપ્તાહમાં વેપારી સંગઠન માંડવી ચેમ્બર ઓફ કોર્મસ એન્ડ ઈન્ડ. ચેરિટેબલ ટ્રસ્ટે શિયાળાની ધ્રુજારી આપતી ઠંડીમાં રાહત આપવા ગરીબ, શ્રમજીવી સાથે જરૂરતમંદ વ્યક્તિઓ મંદિર તેમજ દેરાસર, ઉપાશ્રમમાં પૂજારીઓ વિગેરે આવરી ચાર હજાર ઘરોમાં ધાબળાનું વિતરણ કરી માનવસેવાનું કાર્ય કર્યું હતું. આ વખતે દાતાઓ મોકળે હાથે વરસી પડતા પૂરતું ફંડ હોવાથી જે લાઈનમાં ઊભીને ક્યારે માંગતા નથી તેવા લોકોને જે તે સમાજના પ્રમુખ આગેવાનો પાસેથી નામો લઈ તેમને ઘરે ધાબળા યુવા સભ્યો દ્વારા પહોંચાડી દેવાયા હતા.



DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA